**<u>નામદાર મહેરબાન એડીશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ ધ્રાંગધ્રા.</u>**

ફોજદારી કેસ નંબર : ૮૪૯/૨૦૧૯.
આંક :- ૪

**ફરિયાદી** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી** **રમેશભાઈ ગોવિંદભાઈ ઠકકર,**
રહે. સંઘવી શેરી, ટાવર પાસે, વિરમગામ,

**<u>ગુનો</u> :- <u>રેલ્વે અધિનીયમની કલમ ૧૪૫(બી) મુજબ</u>**

**- : <u>ચુ કા દો</u> : -**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમા વિગત એવી છે કે,

આ કામના આરોપી રેલ્વે ગાંડીના ડબ્બામાં અભદ્ર ભાષાનો ઉપયોગ કરી તમો આરોપીએ રેલ્વે અધિનીયમની કલમ ૧૪૫(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય તે અંગેના પોલીસે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમા ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ઉપરોકત ચાર્જશીટના અનુસંધાને આરોપી ચાર્જશીટ સાથે હાજર થયેલ છે તેને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપ્યાની ખાત્રી કર્યા બાદ તેની સામેના ગુનાની હકીકત વાંચી સંભળાવી, સમજાવી તેનુ નિવેદન લેતા આક્ષેપવાળો ગુનો કરેલ હોવાનુ કબુલ રાખેલ છે. તેમજ આંક - ૩ થી ગુના કબુલાત પુરશીશ રજુ કરેલ છે.

(૩) સદર કામે આરોપીઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે પોતાની વિરુધ્ધનો ગુનો કબૂલ કરતાં હોઈ, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી. આમ આરોપીઓની સદર ગુના કબુલાત સાચી અને સ્વૈચ્છીક હોઈ સદર કબુલાત ન માનવાને કોઈ કારણ નથી.

(૪) વધુમાં **<u>નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૧૫ (૩૮) જી. એલ. એચ.૩૫૪ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ રાજેશકુમાર રતનલાલ સિન્ધીનાં</u>** કેસમાં પ્રસ્થાપિત કરેલો સિધ્ધાંત ધ્યાને લેતા જો પુરતાં અને વાજબી કારણો હોઈ તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સતા છે, તે સિધ્ધાંતને નજર સમક્ષ રાખતા આરોપીઓની સદર સ્વૈચ્છીક કબુલાત, ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાવે છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભા ભર્યા સ્થાનથી

જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે, તે સંજોગોમા ગુના અંગે સજાની જોગવાઈ, કેસની હકકીત અને સંજોગો ધ્યાને લેતા આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>**આખરી હુકમ**</u>

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે રેલ્વે અધિનીયમની કલમ ૧૪૫(બી) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા. ૧૦૦/– (અંકે રુપીયા એકસો પુરા ) નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દંડ ન ભરવા સબબ ૩૦ દિવસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૯મી માહે, ઓગષ્ટ્ર સને ૨૦૧૯ના રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૯/૦૮/૨૦૧૯.
સ્થળ : ધ્રાંગધ્રા.

**(ધીરેન્દ્રસિંહ જગરૂપસિહ રાજપુત)**
એડીશ્નલ ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ,
ધ્રાંગધ્રા.
જી.જે ૦૦૯૫૮.